# ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી.

બ્લોક નં.૧૮, ત્રીજો માળ, ઉદ્યોગ ભવન, સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૧.

ફોન નંબરઃ (૦૭૯) ૨૩૨ ૪૮૫૧૨/૧૩/૧૪, ફેકસ નંબરઃ (૦૭૯) ૨૩૨ ૪૮૫૧૫

E-mail : missionmangalam.crd@gmail.com, Website : mangalam.gujarat.in

---

નં.જીએલપીસી/SMIB/ ૬૨૭૨-૬૫૫૦/૨૦૧૩ તા.૨૨/03/૨૦૧૩

પ્રતિ,

સિનીયર જનરલ મેનેજર – વ - નિયામકશ્રી,

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી,

જિલ્લા ................. (તમામ).

વિષયઃ <u>મિશન મંગલમ અંતર્ગત સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય નિર્માણ બાબત.</u>

ગુજરાત રાજયનાં સુવર્ણજયંતિ વર્ષની ઉજવણી સમયે "મિશન મંગલમ્" યોજનાનો રાજય સરકારે આરંભ કર્યો છે. મિશન મંગલમનો મુળભુત ઉદ્દેશ સમાજનાં ગરીબ વર્ગને સ્વસહાય જૂથોમાં આવરી લઇ બેંકો સાથે સાંકળીને જીવનનિર્વાહ માટે સ્વાવલંબી બનાવવાનો છે. આ યોજના અંતર્ગત સામાજિક ગતિશીલતા અને સંસ્થાકીય નિર્માણની કામગીરી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત તમામ ગ્રામિણ ગરીબોને ઓળખી તે તમામને જૂથમાં આવરી લેવાના થાય છે. તથા સંસ્થાકીય નિર્માણના ભાગરૂપે જિલ્લાઓમાં ગ્રામ સંગઠન (V.O.), કલસ્ટર લેવલ ફેડરેશન (CLF), તથા જિલ્લા સંઘ ની રચના કરવાની થાય છે.

અગાઉ મિશન મંગલમ્ સર્વેની કામગીરી ચાલુ હતી ત્યારે સર્વેની કામગીરી અસરકારક થઇ શકે અને સર્વેમાં ડુપ્લીકેશન ટાળવાનાં હેતુથી જિલ્લાઓને સ્વ-સહાય જુથો બનાવવાની કામગીરી સ્થગિત રાખવા અત્રેથી સૂચના આપવામાં આવેલ. હવે મિશન મંગલમ્ સર્વેની કામગીરી પૂર્ણ થવામાં છે. જેથી વાર્ષિક કાર્ય આયોજન પ્રમાણે લક્ષ્યાંકો સિધ્ધ કરવા કામગીરી હાથ ધરવાની થાય છે.

સ્વર્ણ જયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના (SGSY) નું સ્વરૂપ વિસ્તૃત કરી ગ્રામિણ વિકાસ મંત્રાલય, ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન (NRLM) નું "આજીવિકા" નાં નામે જુન-૨૦૧૧ થી અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત નીચે પ્રમાણે કામગીરી કરવાની થાય છે.

1. <u>હયાત જુથો/સખી મંડળોનું સશક્તિકરણઃ-</u> હાલ જેટલાં જુથો/સખી મંડળો ગામમાં હયાત છે તે જુથોમાં જયાં પુનર્ગઠન (Restructuring) ની જરૂર હોય તો તેની કામગીરી કરવાની થાય છે. આ ઉપરાંત હયાત જુથોના ક્ષમતાવર્ધનની કામગીરી પણ કરવાની રહેશે. હયાત જુથો/સખી મંડળોનું

સશક્તિકરણ અંતર્ગત જુથો/સખી મંડળો નિયમીત બેઠક, નિયમીત બચત, નિયમીત આંતરિક ધિરાણ, નિયમીત વસુલાત તથા વ્યવસ્થીત દસ્તાવેજીકરણ કરે તે અગત્યનું છે

2. <u>**નવા જુથોની રચનાઃ-**</u> આ પત્ર સાથે સામેલ લક્ષ્યાંક પત્રક પ્રમાણે દરેક જિલ્લાએ નવાં જુથોની રચના કરવાની થાય છે. નવા જે જુથો બનાવવામાં આવે તેમાં ગામનાં છુટી જતાં ગામના તમામ ગરીબોને આવરી લેવામાં આવે તથા જુથો નિયમીત બેઠક, નિયમીત બચત, નિયમીત આંતરિક ધિરાણ, નિયમીત વસુલાત તથા વ્યવસ્થીત દસ્તાવેજીકરણ કરે તથા કોઇ પણ સંજોગોમાં ડુપ્લીકેશન ન થાય તે અગત્યનું છે.

3. <u>**ગ્રામ સંગઠન (વિલેજ ઓર્ગેનાઇઝેશન)ની રચનાઃ-**</u> સંસ્થાકીય નિર્માણનાં ભાગરૂપે દરેક ગામમાં વિલેજ ઓર્ગેનાઇઝેશન (ગ્રામ સંગઠન) ની રચના કરવાની થાય છે. ગામનાં એવા જુથો કે જે નિયમીત બચત, નિયમીત બેઠક, નિયમીત આંતરિક ધિરાણ, નિયમીત વસુલાત તથા વ્યવસ્થીત દસ્તાવેજીકરણ કરતા હોય તેવા જુથો મળીને ગ્રામ્ય સંગઠનની રચના કરશે.

4. <u>**કલસ્ટર લેવલ ફેડરેશનઃ-**</u> આ પત્ર સાથે સામેલ લક્ષ્યાંક પત્રક પ્રમાણે દરેક જીલ્લાએ કલસ્ટર લેવલ ફેડરેશનની રચના કરવાની છે. કલસ્ટર લેવલ ફેડરેશન માટે ઓછામાં ઓછા ૫ સારા ગ્રામ સંગઠન તેનાં સભ્ય બનેલા હોવા જોઇએ.

5. <u>**સક્રિય બહેનોની ઓળખ :-**</u> આ પત્ર સાથે સામેલ લક્ષ્યાંક પત્રક પ્રમાણે દરેક જીલ્લાએ એક ગામમાંથી ઓછામાં ઓછી ૫ સક્રિય બહેનોની ઓળખ કરવાની છે કે જેઓ ભવિષ્યમાં કોમ્યુનીટી રિસોર્સ પર્સન (CRP) તરીકે કામગીરી કરી શકે છે. આ સક્રિય બહેનો સખી મંડળ/સ્વસહાયજૂથની સભ્ય હોવી જોઇએ અને જૂથના માધ્યમ દ્વારા તેઓ ગરીબી માંથી બહાર આવેલ હોવી જોઇએ.

ઉપરોક્ત દરેક કામગીરી માટે જીલ્લા પ્રમાણે ફાળવેલ લક્ષ્યાંકોનું પત્રક આ સાથે સામેલ છે, જે મુજબ આયોજન કરી કામગીરી કરવા વિનંતી છે.

બિડાણઃ ઉપર મુજબ.

મેનેજીંગ ડિરેક્ટર
ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લી.
ગાંધીનગર.

નકલ રવાના: જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત, જિલ્લા____________________ (તમામ)

જિલ્લા લાઇવલીહુડ મેનેજરશ્રી,
જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, જિલ્લા ____________________(તમામ).

| TARGET SHEET | | | | | | |
|---|---|---|---|---|---|---|
| Sr. No. | District | SHG Strengthening | SHG Formation | Viilege Organization Formation | CLF Formation | Active Women (Potential CRP) Identification |
| 1 | Ahmedabad | 8661 | 2434 | 626 | 85 | 3130 |
| 2 | Amreli | 6979 | 2434 | 636 | 69 | 3180 |
| 3 | Anand | 8493 | 1770 | 378 | 61 | 1890 |
| 4 | Banaskantha | 11824 | 2655 | 1254 | 123 | 6270 |
| 5 | Bharuch | 5996 | 1770 | 666 | 76 | 3330 |
| 6 | Bhavnagar | 8446 | 2434 | 826 | 100 | 4130 |
| 7 | Dahod | 9684 | 1549 | 701 | 86 | 3505 |
| 8 | Dangs | 2127 | 221 | 317 | 39 | 1585 |
| 9 | Gandhinagar | 5472 | 885 | 303 | 35 | 1515 |
| 10 | Jamnagar | 6567 | 2212 | 794 | 97 | 3970 |
| 11 | Junagadh | 9096 | 3097 | 929 | 97 | 4645 |
| 12 | Kachchh | 6826 | 2212 | 1038 | 104 | 5190 |
| 13 | Kheda | 11419 | 2212 | 629 | 86 | 3145 |
| 14 | Mehsana | 8648 | 1991 | 655 | 82 | 3275 |
| 15 | Narmada | 3637 | 885 | 551 | 73 | 2755 |
| 16 | Navsari | 6001 | 1106 | 394 | 48 | 1970 |
| 17 | Panchmahal | 10612 | 2434 | 1233 | 151 | 6165 |
| 18 | Patan | 7063 | 1770 | 521 | 66 | 2605 |
| 19 | Porbandar | 1516 | 664 | 184 | 17 | 920 |
| 20 | Rajkot | 10754 | 3097 | 905 | 114 | 4525 |
| 21 | Sabarkantha | 12798 | 2876 | 1418 | 154 | 7090 |
| 22 | Surat | 7835 | 2212 | 780 | 83 | 3900 |
| 23 | Surendranagar | 5986 | 2212 | 758 | 78 | 3790 |
| 24 | Tapi | 6078 | 1106 | 515 | 65 | 2575 |
| 25 | Vadodara | 11841 | 2655 | 1755 | 186 | 8775 |
| 26 | Valsad | 8408 | 1107 | 470 | 59 | 2350 |
| | **TOTAL** | **202767** | **50000** | **19236** | **2234** | **96180** |